પત્નીની પવિત્રતા, મિત્રની મૈત્રી, સેવકની નિષ્ઠા, આટલાંની કસોટી કરી લેવી જોઇએ
- ચાણક્ય

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૭ | ૧૮ માર્ચ, ૨૦૧૩, સોમવાર; ફાગણ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગાંધીનગરમાં વાઈરલ ફીવરનો વાયરો

ઠંડી-ગરમીની બેવડી ઋતુની અસરથી તાવ, શરદી અને ગળામાં દુઃખાવાના દર્દીઓ પરેશાન : બાળકો વિશેષ પ્રભાવિત

ગાંધીનગર, તા. ૧૭

ફાગણના આગમન બાદ વાતાવરણમાં ઠંડી-ગરમીની મિશ્ર અસર વર્તાઈ રહી છે. દિવસ દરમિયાન ઉનાળાનો અહેસાસ કરાવતી આકરી ગરમી અને રાત્રીના ગુલાબી ટંડીના વાયરા વચ્ચે નગરજનો બેવડી ઋતુ અનુભવી રહ્યા છે. ડબલ સિઝનની અસર વચ્ચે નગરમાં વાયરલ ફીવરે જોર પકડ્યું છે. શહેરના દવાખાનાઓ તાવ, શરદી, ઉધરસના દર્દીઓથી ઉભરાયા છે. જેમાં નાના બાળકોમાં આરોગ્ય પર આ વિચિત્ર મૌશમની અસર કાઈક વિશેષ વર્તાઈ રહી છે.

ફાગણના આગમન ટાણે નગરમાં ફૂલોની ફોરમ મહેંકી રહી છે. મૌશમનો મિજાજ બદલાતા આકરા ઉનાળાની હળવી અસર વર્તાઈ રહી છે. દિવસે આકરી ગરમીના લીધે નગરજનો બેબાકળા બની રહ્યા છે. બપોરનો તાપ અસહ્ય બનતા ઘરો અને ઓફીસોમાં એ.સી. અને પંખાનો ઉપયોગ શરૂ થઈ ગયો છે. બીજી તરફ ઢળતી સાંજ બાદ રાત્રીના અચાનક જ વાતાવરણમાં ઠંડક પ્રસરી જાય છે. મોડીરાત્રે વધુ ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. જ્યારે વહેલી સવારે પણ ઠંડક પ્રસરેલી હોવાથી ઉનાળાના આગમન ટાણે પણ વાતાવરમણાં ઠંડીએ કબજો જમાવી રાખ્યો હોવાનો અહેસાસ થઈ રહ્યો છે. તાપમાનના પારાની ચઢ-ઉતર વચ્ચે બેવડી ઋતુથી પ્રભાવિત જનઆરોગ્ય ઉપર પણ વિપરિત અસર જોવા મળી રહી છે. ઠંડી-ગરમી મિશ્રિત વાતાવરણના લીધે નગરમાં વાયરલ ફીવરના વાયરાએ જોર પકડ્યું છે. ગળામાં દુઃખાવો, તાવ, શરદી અને ઉદરસના દર્દીઓથી નગરની સિવિલ હોસ્પિટલ અને ખાનગી દવાખાનાઓમાં દર્દીઓની કતાર જોવા મળી રહી છે. જ્યારે નાના બાળકો બેવડી ઋતુની અસરથી વિસેષ પ્રભાવિત થતા હોવાનું ધ્યાને આવ્યું છે. શહેરમાં સ્થિત બાળરોગ નિષ્ણાંત તબીબો પાસે પણ ગળામાં દુઃખાવાની ફરિયાદ સાથે બાળ દર્દીઓની સંખ્યા વિશેષ હોવાનું ધ્યાને આવ્યું છે. મોટાની સાથે નાના બાળકોમાં પણ બેવડી ઋતુના લીધે આરોગ્ય પર વિપરીત અસર જોવા મળી રહી છે.

સચિવાલય સંકુલમાં નવનિર્મિત મંત્રાલયમાં બુલેટપ્રુફ લીફટ લાગશે

સુરક્ષા વ્યવસ્થાને ધ્યાને લઈ પુરતી તકેદારી રખાશે

ગાંધીનગર, તા.૧૭

સચિવાલય કેમ્પસમાં મુખ્યમંત્રી તેમજ સાથી મંત્રીઓના કાર્યાલય માટે નવા બંધાયેલા બિલ્ડીંગમાં હાઈટેક સુરક્ષા વ્યવસ્થાનો પણ ખ્યાલ રાખવામાં આવશે. સજ્જડ સુરક્ષા વ્યવસ્થાને અનુલક્ષી લીફટ પણ બુલેટપ્રુફ મુકવામાં આવશે. નવ નિર્મિત બિલ્ડીંગની કાર્ય યોજના અન્વયે રૂ. ૨૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે.

વિકાસની હરણફાળ સાથે હાઈટેક બનતા ગાંધીનગરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓને પણ કોર્પોરેટ ટચ આપવાનું કામ હાથ ધરાયું છે. બિસ્માર ભાસતી જૂની કચેરીઓની મૂળ સરકારી ઓળખ બદલવા કોર્પોરેટ લૂક આપવામાં આવ્યો છે. જ્યારે નવી સરકારી ઈમારતો પણ બાંધવામાં આવી રહી છે. જ્યારે સમગ્ર રાજ્યનો વહીવટી દોરી સંચાર જયાંથી થાય છે તેવા સચિવાલય સંકુલમાં પણ મુખ્યમંત્રી અને મંત્રીઓના કાર્યાલય માટે નવું બિલ્ડીંગ બાંધવામાં આવ્યું છે. સાડા ત્રણ દાયકા બાદ નવા બિલ્ડીંગનું કામ હાથ ધરાયું છે જ્યારે આ સમગ્ર કાર્યયોજના પાછળ રૂ. ૨૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. સચિવાલય કેમ્પસમાં ૬૦ હજાર ચોરસ મીટરની વિશાળ જગ્યામાં નવું બિલ્ડીંગ બાંધવાનું કામ પૂર્ણતાના આરે છે. ત્યારે આ મામલે સજ્જડ સુરક્ષા વ્યવસ્થાને અનુલક્ષીને પણ રાજયના ગૃહ વિભાગ દ્વારા વિશેષ તકેદારી દાખવવામાં આવી છે. મુખ્યમંત્રી અને મંત્રીઓના કાર્યાલયને અનુલક્ષી યોગ્ય સુરક્ષા વ્યવસ્થાને ધ્યાને લઈ બિલ્ડીંગમાં બુલેટપ્રુફ લીફટ મુકવાનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીને ઝેડ પ્લસ સુરક્ષા આપવામાં આવી હોવાથી સચિવાલયના નવનિર્મિત કાર્યાલય માટે પણ સુરક્ષાને સ્પર્શતા પરિબળોમાં કોઈ કમી ન રહે તેનો ખ્યાલ રાખવામાં આવ્યો છે.

પરિશ્રમ એ જ પરમેશ્વર - જીવનના ઘડતર સાથે શ્રમને સાંકળવું જ જોઈએ એવું રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું વિધાન મહાત્મા મંદિરના પ્રાંગણમાં જ ચરિતાર્થ થતું અનુભવાય છે. મહાત્મા મંદિરના પ્રાંગણમાં નિર્માણ પામી રહેલ સ્વર્ણિમ પાર્ક અને સોલ્ટેડ માઉન્ટના નિર્માણ માટે સેંકડો શ્રમિકો ઘોમ ધખતા તડકામાં પણ સખત પરિશ્રમ કરે છે. ગાંધીજીએ પણ શ્રમનો મહિમા એમના દરેક પ્રવચનોમાં વર્ણવ્યો છે અને મહાત્મા મંદિર એ ગુજરાત સરકાર માટે અને ગુજરાત માટે પ્રેરણા કેન્દ્ર છે. તો આવો સાથે મળી શ્રમને ગરિમાપૂર્ણ સ્થાન અપાવીએ. (તસવીર : દિપક જાની)

કલ્પસરમાં ટાઈડલ પ્રોજેક્ટની કલ્પના કચ્છ અને ખંભાતના અખાતમાં પૂર્ણ થશે

માંડવી નજીક ૨૦૦ મેગાવોટનો પ્રોજેક્ટ સ્થાપવા સરકારે ૫૦ કરોડ આપ્યા : હજીરા પાસે ૩૦૦ મેગાવોટના ટાઇડલ પ્રોજેક્ટની શક્યતા

(ગૌતમ પુરોહિત) ગાંધીનગર,તા.૧૫

કલ્પસર યોજનામાંથી દૂર કરેલા ટાઈડલ પાવર પ્રોજેક્ટ પછી રાજ્ય સરકારે દરિયાકાંઠે આ પ્રોજેક્ટ માટે ફરીથી આયોજન હાથ ધર્યું છે અને કચ્છના માંડવી તેમજ ખંભાતના અખાતમાં હજીરા પાસે ટાઈડલ પાવર મેળવવાની દરખાસ્તને બહાલી આપી દીધી છે.

સમુદ્રના ઉછળતાં મોજાંમાંથી વીજળી પેદા કરવા માટે ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડને નોડલ એજન્સી તરીકે તૈયાર કરી છે. ઉર્જા વિભાગના જણાવ્યા પ્રમાણે માંડવીમાં કચ્છના અખાત પાસે ૬ ૨.૮ ચોરસ કિલોમીટરમાં ૨૦૦ મેગાવોટ અને ખંભાતના અખાત પાસે ૩૭.૩ ચોરસ કિલોમીટરમાં ૩૦૦ મેગાવોટ મળીને કુલ ૫૦૦ મેગાવોટ વીજળી પેદા કરવાની શક્યતા જણાઈ છે.

રાજ્ય સરકારે માંડવી નજીકના પ્રોજેક્ટ માટે પ્રથમ તબક્કે ૫૦ મેગાવોટની યોજનાને મંજૂરી આપી છે. જીપીસીએલ તરફથી એટલાન્ટીસ અને પીએમઈએસ વચ્ચે સંયુક્ત સાહસના સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. આ સાહસને એટલાન્ટીસ રિસોર્સિઝ (ગુજરાત ટાઈડલ) તરીકે માન્યતા આપવામાં આવી છે.

માંડવીના સમુદ્રતટમાંથી પસાર થતી ૬ ૬ કેવીએ હાઈટેન્શન લાઈનનું સ્થળ દર્શાવતા સેટેલાઈટ મેપ્સનું વિવરણ બાયસેગ પાસે પૂર્ણ કરવામાં આવ્યું છે. મેસર્સ હેસ્કોનીગ ઈન્ડિયા લિમિટેડ મારફતે ટર્બાઈન માટેનું ક્ષમતા પરિબળ નક્કી કરવા સમુદ્રના મોજાંનો વેગ માપવાની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવી છે.

ઉર્જા વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે હવે આ પ્રોજેક્ટમાં ગુજરાત મેરીટાઈમ બોર્ડ પાસેથી ઓશનોગ્રાફી સર્વે અને ઈઆઈએ અહેવાલ તૈયાર કરવામાં આવી રહ્યો છે. બીજી તરફ સીઆરઝેડની મંજૂરી માટે કેન્દ્રના પર્યાવરણ મંત્રાલયમાં દરખાસ્ત કરી દેવામાં આવી છે.

જીપીસીએલ દ્વારા યુકેમાં યુરોપિયનની રિસર્ચ સેન્ટર સ્કોટલેન્ડના નારેક ટેસ્ટ ફેસિલિટી ખાતે પ્રોટોટર્બાઈનનું આખરી પરિક્ષણ પણ કરી લેવામાં આવ્યું છે. આ વીજ પરિયોજનાના અમલ માટે ગુજરાત સરકારે એટલાન્ટિસને ૫૦ કરોડની નાણાકીય સહાય મંજૂર કરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે.

પ્રથમ માંડવી પછી હજીરામાં ટાઈડલ વીજ પ્રોજેક્ટની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે કલ્પસર યોજનામા પહેલા ટાઈડલ વીડ પ્રોજેક્ટની મંજૂરી આપવામાં આવી હતી પરંતુ પ્રોજેક્ટ કોસ્ટમાં વિક્રમી વધારો જણાઈ આવતા હવે આ પ્રોજેક્ટમાં વિન્ડ ફાર્મ પ્રોજેક્ટને અનુમતિ આપવામાં આવી છે.

ઉનાળુ વેકેશનમાં ટ્રેનોમાં જગ્યા નહીં મળે : જુન સુધીના બુકીંગ ફુલ

વેકેશનમાં પ્રવાસ માટે બે ત્રણ મહિના અગાઉ જ લોકોએ ટ્રેનોમાં રીઝર્વેશન કરાવી લીધા

ગાંધીનગર, તા.૧૭

રેલવેતંત્ર દ્વારા એડવાન્સ બુકીંગ ૧૨૦ દિવસ કરવામાં આવેલ હોય ઉનાળાના વેકેશનમાં જવા ઈચ્છુકે અત્યારથી જ બુકીંગ કરાવી લેતા ઉનાળુ વેકેશનના સમય દરમિયાન એક પણ ટ્રેનમા બુકીંગ માટે અત્યારે જગ્યા નથી. જુન સુધી લગભગ તમામ ટ્રેન ફુલ છે. ખાસ કરીને દક્ષિણ અને ઉત્તર ભારતની ટ્રેનમાં વધુ ધસારો છે.

વેકેશનમાં પ્રવાસમાં જવા ઈચ્છુકે ત્રણ ચાર માસ અગાઉ જ બુકીંગ કરાવી લીધા છે. પરિણામે ઉનાળુ વેકેશન સમયની ટ્રેનો હાઉસફુલ થઈ ગઈ છે. ઉનાળાનો સમય હોય એ.સી. કલાસમાં વિશેષ ધસારો છે. સેકન્ડ અને થર્ડ એ.સી.નું રીઝર્વેશન જુન સુધી ફુલ છે.

આગામી વેકેશન માટે સાઉથ તથા ઉત્તરમાં ફરવા જવા ભારે ધસારો રહેશે. રેલવેમાં સાઉથ અને જમ્મુ તરફથી જતી ટ્રેનમાં ૯૦ દિવસ સુધીની ટ્રેન હાઉસફુલ છે. અત્યારથી જ ટ્રેનમાં રીઝર્વેશન માટે ધસારો જોવા મળી રહ્યો છે.

વેસ્ટર્ન રેલવેમાંથી મળતી માહિતી મુજબ સમગ્ર ગુજરાત, સૌરાષ્ટ્રમાંથી દક્ષિણ અને ઉત્તર ભારત ફરવા જવા માટે અગાઉથી જ બુકીંગ

થઈ ગયા છે. ગાંધીનગરથી પસાર થતી તમામ ટ્રેનોમાં પણ બુકીંગ ઉપલબ્ધ નથી. તત્કાલમાં ત્રણ માંડ ટીકીટ મળે તેમ છે.

વેકેશનમાં હરિદ્વાર, જમ્મુ, કાશ્મીર, દિલ્હી સહિત ઉત્તર ભારતના પર્યટન ક્ષેત્રમાં જવા માટે રેલવેમાં બુકીંગ માટે ભારે ધસારો છે. આ ઉપરાંત દક્ષિણ ભારતમાં પણ પર્યટકો જવા માટે ભારે ઉત્સુક છે.

વેકેશનનું આયોજન મધ્યમ વર્ગના લોકો પોતાની જાતે જ કરતા હોય છે. જેથી ઓછા ખર્ચે પ્રવાસ થઈ શકે. દુર્ગ એજન્સીમાં જવાના બદલે રેલવેની મુસાફરી કરી પ્રવાસનો આનંદ લેતા થયા છે. રેલવેની મુસાફરી સુરક્ષિત, આરામદાયક અને ઓછા ખર્ચના કારણે લોકો ટ્રેનની મુસાફરી કરે છે. વેકેશનનું આયોજન અત્યારથી શરૂ થઈ ગયું હોય ટ્રેન પણ હાઉસફુલ થઈ ગઈ છે.

ટૂંક સમયમાં જાતે જ રિપેર થાય તેવા સ્માર્ટફોન-કમ્પ્યૂટર આવશે

ગાંધીનગર, તા. ૧૭

કેલિફોર્નિયાના એન્જિનિયરોએ આપોઆપ ઉપકરણ રિપેર થાય તેવી એડવાન્સ ચીપ તૈયાર કરી પાવર અિમ્લફાયર પર ચિપનો સફળ પ્રયોગ કરવામાં આવ્યો.

કલ્પના કરો કે તમારો સ્માર્ટફોન કે કમ્પ્યૂટર ખરાબ થઈ ગયા બાદ તેની જાતે જ રિપેર થઈ જાય તો કેવી મજા પડે ટેકનોલોજી ક્ષેત્રે સતત થઈ રહેલા સંશોધનોના કારણે આ કલ્પના ટૂંક સમયમાં જ સાચી પડી શકે છે. કેલિફોર્નિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી ખાતે એન્જિનિયરોએ પ્રથમ વખત એવી સેલ્ફહીલિંગ ચીપ (જાતે જ રિપેરિંગ થઈ શકે તેવી ચીપ) તૈયાર કરી છે જેની મદદથી હવે સ્માર્ટફોન કે કમ્પ્યૂટર આપોઆપ રિપેર થઈ સકશે, તેમજ યોગ્ય સ્તર કરતા ઓછી બેટરીની સમસ્યાથી માંડીને સંપૂર્ણ ટ્રાન્ઝિસ્ટર ફેલ્યોર સુધીની વિવિધ સમસ્યાઓ માઈક્રોસેકન્ડ જેટલા ઓછા સમયમાં દૂર કરી શકશે.

સંશોધન ટીમે નાના પાવર અિમ્લફાયર પર પ્રયોગ કરી આ ચીપની ક્ષમતા દર્શાવી હતી. તેમણે આ પાવર અિમ્લફાયર ચીપ પર હાઈપાવર લેસરનો મારો ચલાવીને તેના કેટલાક હિસ્સાઓ તોડી નાખ્યા હતા અને બાદમાં અવલોકન કર્યું હતું કે માત્ર એક સેકન્ડ કરતા ઓછા સમયમાં તેમણે તૈયાર કરેલી ચીપ દ્વારા આ તમામ ભાગોનું રિપેરીંગ આપોઆપ થઈ ગયું હતું.

આ સફળ પ્રયોગ બાદ પાવર અિમ્લફાયર બરાબર કામ કરતું હોવાનું પણ જાણવા મળ્યું હતું. કેલટેક ખાતે ઈલેકટ્રિકલ એન્જિનિયરિંગના પ્રોફેસર થોમસ જી. મેરસે જણાવ્યું હતું કે 'કોઈ સિસ્ટમ પોતાની જાતે જ

● અનુસંધાન પાન-૭ પર